Letter No: SJED/0763/03/2023 Dt: 29-03-2023

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)ને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧૫૦.૦૦ લાખની જોગવાઈ પૈકી બીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:- BAP/e-file/17/2022/1555/J Section,

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધા:-**

**(૧)** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:SJED/CNI/e-file/17/2021/0001/B.

**(૨)** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:BAP/e-file/17/2022/1555/જ

**(૩)** નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૩૧/૦૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:DSCWG/SCC/e-file/224/2023/0109/M.

**આમુખ:**

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ માટે વર્ષ:૨૦૨૨-૨૩માં રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની બજેટ જોગવાઈ થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના બજેટ શાખાના ઠરાવથી રૂ.૧૦૦.૦૦ કરોડથી ઓછી રકમની યોજનાઓને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, જેમાં સદરહું નિગમ માટે રૂ.૧૫૦.૦૦ લાખ ફાળવી આપવાની બાબતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના ઠરાવથી વર્ષ:૨૦૨૨-૨૩માં વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કુલ રૂ.૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી રૂ.૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમને ફાળવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરે નિગમ માટે થયેલ બજેટ જોગવાઇ પૈકી બીજા હપ્તાની બાકી રહેતી રકમ ફાળવી આપવા ભલામણ કરેલ છે.

**ઠરાવ:-**

નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત અન્વયે વર્ષ:૨૦૨૨-૨૩માં ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કુલ રૂ.૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી બીજા હપ્તાની બાકી રહેતી રૂા.૫૦.૦૦ લાખ(રૂપિયા પચાસ લાખ પુરા)ની વહીવટી ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની નીચે મુજબની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

૧) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૪)વર્ષના અંતે, જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

૫) હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં જે-તે માસના અગાઉના માસ સુધીના ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

૬) PROOF સિસ્ટમ અંગેની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.

ઉક્ત શરતો ઉપરાંત વંચાણે લીધેલ ક્રમાંક**(૧)માં દર્શાવેલ,** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭/૦૪/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:SJED/CNI/e-file/17/2021/0001/B ની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by: H T Gohel
Section Officer
Date: 2023.03.29
16:18:12 +05:30

File No: SJED/BAP/e-file/17/2022/1555/J Section
Approved By: Jigar Patel(DS,J Section,SJED)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ,પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર-૦૩ SCW-14 ડૉઆંબેડકર અંત્યોદય વિકાસ નિગમ.(વહીવટી ગ્રાન્ટ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હેતલ ગોહેલ )

સેકશન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી(આર્થિક બાબતો) નાણા વિભાગના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
5. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
10. મેનેજીંગ ડિરેકટરશ્રી, ડૉ(.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા., ગાંધીનગર.
11. સેક્શન અધિકારીશ્રી,બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
12. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, ઉકત ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ

Signature Not Verified
Signed by: H T Gohel
Section Officer
Date: 2023.03.29
6:18:12 +05:30

File No: SJED/BAP/e-file/17/2022/1555/J Section
Approved By: Jigar Patel(DS,J Section,SJED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*